# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2023** **MIDDAY : 2.30 to 2.35PM**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# VIBRNAT KUTCH

કચ્છના ગાંધીધામ ખાતે યોજાઇ રહેલા વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમમાં કુલ ૧૩૯ **MSME** એકમો સાથે ૩ હજાર ૩૭૦ કરોડ રૂપિયાના **સમજૂતી કરાર થયા છે**.

લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

તેમણે કહ્યું કે કચ્છમાં ભૂકંપ બાદ સરકારના પ્રયાસથી ઔદ્યોગિક રોકાણ વધીને **૧ લાખ** ૪૦ **હજાર** કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે. અનેક વિપદામાંથી બેઠા થયેલા કચ્છના લોકોની ખુમારીને તેમણે બિરદાવી હતી. શ્રી વિશ્વકર્માએ ઉદ્યોગ સાહસિકોને કચ્છમાં મહત્તમ રોકાણ કરવા માટે અનુરોધ કર્યો હતો.

જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ ઉદ્યોગોને કચ્છમાં આમંત્રણ આપીને જણાવ્યું હતું કે, ૧૦ હજાર હેક્ટર પ્રિ-ક્લિયર જમીનની લેન્ડ બેંક બનાવવામાં આવી છે. તેમણે કચ્છની વિકાસ ગાથાનું પ્રેઝન્ટેશન આપ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VIBRANT GUJ. VIBRANT MORBI

મોરબીમાં ગઇકાલથી શરૂ થયેલા વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ મોરબી કાર્યક્રમમાં વિવિધ ઉદ્યોગો દ્વારા બે હજાર 800 કરોડ રૂપિયાના 91 સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. વરમોરા ગૃપ દ્વારા એક હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

મોરબી સિરામિક, ઘડિયાળ સહિતના મોટા ઉદ્યોગોનો જિલ્લો છે, ત્યારે મોરબીમાં વિવિધ રોકાણો લાવવા માટે વાઇબ્રન્ટ ગુજરાત વાઇબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ હેઠળ વાઇબ્રન્ટ મોરબી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ઉદ્યોગકારો તેમજ સ્ટાર્ટ અપ કરતા લોકો માટે વિવિધ વિષયો પર પરિસંવાદ અને પ્રેઝન્ટેશન, ઉદ્યોગકારો તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે ઓપન હાઉસ વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત વિવિધ ઉત્પાદનો માટે પ્રદર્શન સહ વેચાણ સ્ટોલનું પણ આયોજન કરાયું છે.

-------------------------------------

# GOVERNOR-VIMOCHAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને જાણીતા કથાકાર રમેશ ઓઝાએ અગ્રણી ઉદ્યોગપતિ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા લિખિત - હીરા હંમેશા માટે હીરા છે, એવી જ રીતે નૈતિકતા પણ- આત્મકથા ના ગુજરાતી સંસ્કરણનું આજે ગાંધીનગરમાં વિમોચન કર્યું છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, સાત્વિક અને નિર્વ્યસની જીવનશૈલી ધરાવતા શ્રી ગોવિંદભાઈ ધોળકિયાની આત્મકથા યુવાનોને, આવનારી પેઢીઓને પ્રેરણા આપતી રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પુસ્તક વિમોચન પ્રસંગે શ્રી ગોવિંદભાઈ ધોળકિયાને શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું કે, સંઘર્ષ કરીને શૂન્યમાંથી સર્જન કરવું તેમજ સફળ થયા પછી સહજતા અને નૈતિકતા કેવી રીતે ટકાવી રાખવી એ બાબત યુવા પેઢીને આ પુસ્તકમાંથી શીખવા મળશે.

ભાગવત કથાકાર પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, શ્રી ગોવિંદભાઈએ તેમના જીવનના સારા-નરસા અનુભવોને સાતત્ય સાથે શબ્દોમાં પરોવીને ભાવી પેઢી માટે આ પુસ્તકમાં સમાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . .

# SURENDRANAGAR-ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના ઝમર ગામ પાસે અકસ્માત સર્જાતા ચાર વ્યક્તિના મોત નીપજયા છે. ટ્રક સાથે કાર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ વ્યક્તિના ઘટના સ્થળે મોત નીપજ્યા હતા, અને એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું હતું. અકસ્માતમાં ગંભીર રીતે ઇજા પામેલી વ્યક્તિને હોસ્પિટલમાં સારવાર અપાઇ રહી છે.

અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે ટ્રક ચાલક અકસ્માત સ્થળ પરથી નાસી છૂટયો છે. તેને શોધવાની કામગીરી પોલીસે હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા 4 દિવસની અંદર લખરત-અમદાવાદ હાઇવે ઉપર થયેલા અકસ્માતોમાં 6 લોકોના મૃત્યુ થયા છે.

------------------------

# DAMAN- WORLD MENTAL HEALTH DAY

આજે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ છે. જેની ઉજવણીના ભાગરૂપે દમણમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો.

અમારા દમણના પ્રતિનિધિ પ્રદિપ ભાવસારે જણાવ્યું છે કે મનોચિકિત્સક ડો. સ્નેહા વાઢેર દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને માનસિક સ્વાસ્થ્ય અને તણાવ વ્યવસ્થાપન ઉપર માહિતી આપવામાં આવી હતી.

રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને જિલ્લા બાર એસોસિએશન દ્વારા વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિતે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PATAN-CRICKET

પાટણના  ક્રિશ પટેલની  19 વર્ષથી ઓછી ઉંમરના ખેલાડીઓ માટેની વિનુ માંકડ એક દિવસીય  ક્રિકેટ સ્પર્ધા માટેની  વડોદરાની ટીમમાં પસંદગી થઈ છે.

અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે,  ઉભરતા યુવા ક્રિકેટરો પૈકી એક એવા ક્રિશે પહેલા પસંદગી મેચોમાં નોંધપાત્ર પ્રદર્શન  કર્યું હતું. જેના પગલે પસંદગીકારોનું  ક્રિશ તરફ ધ્યાન આકર્ષાયું હતું. આ પહેલા ક્રિશ પટેલે રિલાયન્સ  G-1 કપમાં પણ સારું પ્રદર્શન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . .

## NAMO program

તીર્થધામ પ્રેરણાપીઠ ખાતે યોજાયેલા નમોત્સવના 15 દિવસ પૂર્ણ થયા છે. આ  કાર્યક્રમમાં 5000 જેટલા લોકોએ મન કી બાતના અંશોનું વાંચન કર્યુ હતુ.

રાજ્યસભાના સાંસદ બાબુભાઇ દેસાઇ અને લોકસાહિત્યકાર સાંઇરામ દવેએ મન કી બાતના રીલે રિડિંગ કાર્યક્રમમાં આપી હાજરી હતી.

નમોત્સવ કાર્યક્રમનું આયોજન 25 સપ્ટેમબર થી લઇ 16 ઓક્ટોબર સુધી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંતો મહંતો અને રાજકીય આગેવાનોએ હાજરી આપી હતી.

------------